CHRISTMAS CAROLS.

નાતાલનાં ગીતો.

રચી પ્રસિદ્ધ કરનાર

રેવ. કહાનજી માધવજી, રત્નગ્રાહી

કિમ્મત ૦-૧-૬.

CHRISTMAS CAROLS.

નાતાલનાં ગીતો.

રચી પ્રસિદ્ધ કરનાર

રેવ. કહાનજી માધવજી, રત્નગ્રાહી

(લલિત કાવ્યમાળા, ખ્રીસ્તાખ્યાન ઇત્યાદિનો કર્તા).

બ્રુકહિલ.

આવૃત્તિ ૧લી.

પ્રત ૨,૦૦૦.

સુરતઃ

મિશન પ્રેસમાં, એચ. આર. સ્કોટે છાપ્યાં.

૧૯૧૩.

કિમ્મત ૦-૧-૬.

અર્પણ પત્રિકા.

પ્રિય તથા માનવંત
મિસીસ સ્કોટ સાહેબ,

ઇ. સ. ૧૮૯૨ની સાલમાં રાજકોટ મુકામે જ્યારે હું આપણા મહિમાવાન તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્તને સ્વીકારી ખ્રીસ્તી ધર્મનો અનુયાયી થયો, ત્યારે મારી વહાલી માતુશ્રીએ આપને મારી સોંપણી કરતાં કહ્યું કે, "હવે આ તમારો દીકરો છે, એને સંભાળજો." તે દીવસથી ખ્રીસ્ત ઇસુમાં આપ મારાં સ્નેહી માતુશ્રી થયાં છો. આપ મારા પર નિર્મળ પ્રીતિ રાખો છો, અને મારાં શુભેચ્છક છો. વળી આપની પાસે મેં ધર્મનું શરૂઆતનું શિક્ષણ લીધું, આ બધી વાતો સ્મરીને આ નાતાલનાં ગીતોની ચોપડી આપને પરમાદરે સમર્પણ કરૂં છું.

આપનો ઘણો આભારી,
કહાનજી માધવજી રત્નગ્રાહી.

પ્રસ્તાવના.

પ્રભુ ઇસુ ખ્રીસ્તનો જન્મ, એ દરેક ખ્રીસ્તી માણસને આનંદનો અવસર છે; જેથી આ પ્રસંગે ખ્રીસ્તી લોકો આનંદ કરે છે, અને પ્રભુના અનિર્વાચ્ય દાનને લીધે દેવની સ્તુતિ કરે છે. ખ્રીસ્તજયંતીનો મહોત્સવ આનંદથી ઉજવાય, અને એ પ્રસંગે વિવિધ રાગના તથા ખ્રીસ્તી જીવવૃતિને ઉત્તેજન મળે એવાં ગીતો ગવાય, એ હેતુથી આમાંનાં ગીતો તૈયાર કરવામાં આવેલાં છે.

આ ચોપડીમાં બધાં મળીને ૩૧ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાંનાં ૧૦ મારા તરફથી અગાઉ પ્રસિદ્ધ થએલાં હતાં, અને ૧૬ ગીતો નવાં તૈયાર કરી તેમાં ઉમેર્યાં છે. પરિશિષ્ટમાં જે પાંચ ગીતો રાખવામાં આવ્યાં છે, તેમના કર્ત્તા મેહે. રેવ. જે. એફ. સ્ટીલ સાહેબે તથા મેહે. રેવ. જે. એસ સ્ટીવન્સન સાહેબે આમાં ઉમેરો કરવા દેવાની પરવાનગી આપી છે. જેથી આ બંને સાહેબોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

બ્રુકહિલ.
તા. ૧૭ અક્ટોબર, ૧૯૧૩. } કહાનજી માધવજી રત્નગ્રાહી.

ગીતોનું સાંકળિયું.

નાતાલનાં ગીતો.

"દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો
એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે
કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ
ન થાય, પણ તે અનંતજીવન
પામે." યોહા. ૩; ૧૬.

"દેવના અનિર્વાચ્ય દાનને સારૂ તેની સ્તુતિ થાઓ."

દેશી રાગ પ્રકરણ.

(૧) આવી આનંદી નાતાલ.

(મારો પ્રાણ પ્રિય ઇસુ—એ રાગ).

આવી આનંદી નાતાલ,
જન્મ્યો ખ્રીસ્ત, પ્રભુ, ભૂપાળ. ટેક.

રાજાઓનો રાજા અને, સૃષ્ટિનો સૃજનાર;
સ્વર્ગી ગૌરવ મૂકી લીધો, માનવનો અવતાર. આવી. ૧

જગસ્વામીએ જગ પર કીધી, ભારે અદ્દભૂત મેર;
કન્યા મરિયમ પેટે જન્મ્યો, દાઉદ કેરે ઘેર. આવી. ૨

દૂતો શ્વેતાંબર પે'રેલા, આકાશે દેખાય;
મનહર સુંદર રાગે તેઓ, ખ્રીસ્ત જયંતી ગાય. આવી. ૩

હે જગવાસી જાગૃત થાજો, હર્ષે ગાઓ ગાન;
તમ કાજે આ છે શુભ વાર્તા, સુણો દઇને ધ્યાન. આવી. ૪

તારે કાજે, મારે કાજે, સૌ માનવને કાજ;
શુભ વાર્તા આ સૌને કાજે, જન્મ્યો ત્રાતા આજ. આવી. ૫

હે જગવાસી હર્ષ કરીને, દો ત્રાતાને માન;
જન્મેલા રાજાના ગાઓ, જય જય કરતાં ગાન. આવી. ૬

આવ્યો છે એ જગને કાજે, છોડી સ્વર્ગી ધામ.;
ગૌરવના રાજાને આપો, મનડા માંહે ઠામ. આવી. ૭

ગભાણે પોઢેલો તે પણ, રે'વા દો નહિ ત્યાંય;
આપો હૈયું રે'વા તેને, રે'શે સ્વર્ગી રાય. આવી. ૮

ઉરે ખ્રીસ્ત રહે તો પૂરી;—શાંતિ આનંદ થાય;
ખ્રીસ્ત જયંતી સુખકર થાશે, દુખડાં સર્વે જાય. આવી. ૯

(૨) આનંદી નાતાલ.

આનંદી નાતાલ આવી, આકાશી સંદેશો લાવી;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી.—ટેક.

આનંદી નાતાલ આવી, આકાશનું ગીત લાવી;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૧

આનંદી નાતાલ આવી, મોટું તેજ ચમકાવી;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૨

આનંદી નાતાલ આવી, શાંતિ જગ કાજ લાવી;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૩

આનંદી નાતાલ આવી, જીવનદાતાને લાવી;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૪

આનંદી નાતાલ આવી, પ્રભુ પ્રેમ દરશાવી ;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૫

આનંદી નાતાલ સહુ, માનવોને કાજ આવી ;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૬

આનંદી નાતાલ આવી, સ્તવનોએ લો વધાવી ;
હાલેલૂયાહ, હાલેલૂયાહ, હાલેલૂયાહ ગાઓ. આનંદી. ૭

---

(૩) જયવંતી નાતાલ.

(ગુણવંતી ગુજરાત.—એ રાગ).

જયવંતી નાતાલ, સ્મરૂં હું જયવંતી નાતાલ ;
ખ્રીસ્ત જયંતી કાળ, સ્મરૂં હું જયવંતી નાતાલ ; ટેક..

ધન ધન દેશ યહુદા તુજને, ધન બેથલેહેમ ગામ ;
ધન ધન સીમા ગામ તણી, ત્યાં થઇ રઢીઆળી જામ. સ્મરૂં. ૧

શ્વેતાંબર પરિધાન કરીને, સ્વર્ગી દૂતો ત્યાંય ;
ખ્રીસ્ત જયંતી કેરૂં રૂડું, મંગળ ગાયન ગાય ; સ્મરૂં. ૨

“ પરમ ઉંચામાં પ્રભુને મહિમા, શાંતિ પૃથ્વીમાંય ” ;
મધૂર સ્વરોનો રણકો આજે, જગમાંહે સંભળાય. સ્મરૂં. ૩

આનંદી શુભવાર્તા સુણી, ધન ધન ઘેટાંપાળ !
બાળ પ્રભુનાં દર્શન કરવા, ધસીઆ સૈ તતકાળ. સ્મરૂં. ૪

ચકચકતા તારાને તેજે, આવ્યા માગી ત્યાંય ;
વિધ વિધના અર્પણ લાવીને, લાગ્યા પ્રભુને પાય. સ્મરૂં. ૫

ચાલો ઘેટાંપાળક સંગે, પ્રભુના દર્શન કાજ ;
જ્ઞાની સંગે અર્પણ કરીએ, તન મન ધનનું આજ. સ્મરૂં. ૬

---

(૪) "આજ દાઉદના શહેરમાં તમારે સારૂ એક તારનાર, એટલે ખ્રીસ્ત પ્રભુ જન્મ્યો છે" લુક ૨; ૧૧.

રાગ ગરબી.

આનંદ આનંદ આવો કાં દીસે?
આકાશની ગમ ધારો,
તારાનો ઝભો કાં પેર્યો આકાશે?
આકાશની ગમ ધારો.
મોટો પ્રકાશ પ્રકાશે છે આજે,
દૂતો ખુશીમાં ફરે છે શા કાજે?
આજે ઇસુ પ્રભુ દાઉદ શહેરે,
અવતર્યા પાપીઓ કાજે. ૧

રૂડા રૂપાળા આ દૂતો જુવો ને,
આનંદે દોડે શા કાજે?
ગગનેથી કેમ ભૂમીએ આવ્યા?
ગાય છે ગીત શા કાજે?
આવ્યા છે તેઓ વધામણી દેવા,
બધા લોકોને સમાચાર કેવા;
આજે ઇસુ પ્રભુ દાઉદ શેહેરે,
અવતર્યા પાપીઓ કાજે. ૨

મારો, તારો ને હા, બધાંનો ભાગ,
વધામણી સહુ કાજે;
બધાં કુળો ને છે દેશોનો ભાગ,
વધામણી સહુ કાજે.
દૂતોએ કહ્યું કે, "તમારે કાજે,"
તમારે કાજે, હા, બધાને કાજે;
આજે ઇસુ પ્રભુ દાઉદ શેહેરે,
અવતર્યા તમારે કાજે. ૩

(૫) ખ્રીસ્ત પ્રભુ જન્મ્યો છે.

(સદ્‌ગુણ વિણ સજની.—એ રાગ).

દીન સુખકર આજે, “ ખ્રીસ્ત પ્રભુ જન્મ્યો છે,”
સહુ માનવ કાજે, ખ્રીસ્ત પ્રભુ જન્મ્યો છે.
દીન સુખકર આજે. ટેક.

આજ ગગન કેવું હરખે છે,
તેજસ્વી તારા ચળકે છે;
પ્રભુ પ્રીત ધ્વજ ફરકે છે. દીન સુખકર. ૧

જો, મંગળ ગીત દૂતો ગાતા,
સુખકર વાત જણાવા ધાતા ;
આજે જન્મ્યો ત્રાતા. દીન સુખકર. ૨

ઘેટાં પાળક સંગે જાજો,
દર્શન કરીને સુખીયાં થાજો ;
અને વળી ગીતો ગાજો. દીન સુખકર. ૩

માગી આવ્યા, અર્પણ લાવ્યા,
વંદી પ્રભુને શીશ નમાવ્યાં,
તેમ તમ અર્પણ લાવ્યા ? દીન સુખકર. ૪

---

(૬) જયગાન.

ગાઓ જયગાન આજે, ગાઓ જયગાન ;
દૂતો સાથે ગાઓ આજે, જય જય ગાન. ટેક.

સ્વરવાસી દેવ આવ્યો, માનવીની પાસ ;
દૂતોનો સ્વામી તે બન્યો, અહીં દીન દાસ. ગાઓ. ૧

તજ્યું સ્વર, તજ્યું ઘર, ગૌરવી રેહેઠાણ ;
ધરી નર દેહ તેણે, સ્વીકારી ગભાણ. ગાઓ. ૨

ગરીબી ધરીને દીધું, ગરીબીને માન;
ગરીબપણાનું લીધું, તેણે સહુ જ્ઞાન. ગાઓ. ૩

ગરીબ લાચાર પીડાએલા પાપી કાજ;
ઉધારવા થયો દીન, ધરી નહિ લાજ. ગાઓ. ૪

પતિતોને તારવાને, કેવી કીધી રેમ;
અધમો ઉદ્ધારવાને, કેવો છે આ પ્રેમ! ગાઓ. ૫

ત્રાતા. અમો સહુ થૈએ, દીન તું સમાન;
સ્મરી પ્રેમ તારો અમે, ગાઇએ જય ગાન. ગાઓ. ૬

આનંદી નાતાલ તને, સ્મરીએ એ રીત;
પ્રભુ ઇસુ તણું મન, ધરીએ ખચીત. ગાઓ. ૭

---

(૭) સુખકારી વાર્તા.

રાગ ગરબી.

સુણ કહું સુખકારી એક વારતા રે લોલ, જન્મ્યો ઇસુ બેથલેહેમ ગામ જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ટેક.

ધન્ય ધન્ય દીન તે થયો રે લોલ, આનંદ ને સુખ ધામ જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૧

આકાશ થયું રળિઆમણું રે લોલ, પ્રગટયો ત્યાં તેજનો અંબાર જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૨

દૂતો આકાશથી ઉતરી રે લોલ, આનંદનાં ગીત ગાય જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૩

સીમમાં હતા મેષપાળકો રે લોલ, દૂતથી જણાયું તે વાર જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૪

તારો સુશોભિત ઉગીઓ રે લોલ, પૂર્વ દીશાની માંય જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૫

જ્ઞાની લોકો જોઇ નીકળ્યા રે લોલ, પ્રભુના દરશન માટ જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૬

આવીને શીશ નમાવીઆં રે લોલ, અર્પણ કરી વળ્યા વાટ જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૭

અવતર્યો તે કોણુ કારણે રે લોલ, લેજો લક્ષે આ વાત જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૮

જગના તારણુ કાજે આવીઓ રે લોલ, પ્રીતિ કરી સહુ માટ જો;
સ્વરપતી નર દેહ ધરી આવીઓ રે લોલ. ૯

---

(૮) આરાધના.

રાગ પદ ધનાશ્રી.

જય જય ખ્રીસ્ત દયામય સ્વામી. ટેક.

સ્વરનું સુખ તેં મૂકી દીધું, માનવ દુઃખ નીહાળી;
નભથી ભૂલગ નીચો થઇને, છેક થયો તું ખાલી. જય. ૧

તું ધનવાન છતાં નિરધન થઇ, આવ્યો આ જગ માંહી;
સ્વર્ગભુવનનો રાજકુંવર તે, દીનપણાને ગ્રાહી. જય. ૨

માતા મરિયમ પેટે જન્મી, માનવ દેહ તેં ધારી;
નમ્ર ગભાણે પોઢી વ્હાલા, કોમળ કાયા તારી. જય. ૩

આ જગ માંહે વાસ કરીને, જન હીત કાર્યો કીધાં;
અંધા પંગા ચંગા કીધા, અંગ પરિશ્રમ લીધાં. જય. ૪

પ્રેમ દયાથી નીશદીન વરતી, શુભ ઉપદેશજ દીધો;
તો પણુ જગતે અંધ બનીને, નાથ ન માની લીધો. જય. ૫

મુજ પાપે બહુ પીડીત કીધો, વિંધ્યાં અંગો તારાં;
ગાઉં નિરંતર તુજ ગુણુ ગીતો, પરમ પ્રીય પ્રભુ મારા. જય. ૬

---

(૯) ખ્રીસ્તનો સ્વાત્મ નકાર.

રાગ બિહાગ.

સ્વર નાયક તે દીન બાળક થઇ, આવ્યો જગ માંહે દેહ ધરી;
નીજ વૈભવ સારો તમામ તજી, જગ ઉપર પ્રીતિ અનૂપ કરી. ૧

વસતો સુખદાયક ઠામ મહીં, પણ આંહી સુતો એ ગભાણ મહીં;
પ્રતિમા ધરી માનવી ખાલી થયો, દીનતા ધરતા જગ કાજ અહીં. ૨

ધનવાન છતાં નીરધન થયો, કરવા જગને ધનવાન બહુ;
મહા ઉંચ છતાં નિચાણ મહીં! કરવા ઉંચા દીલ માંહે ચહ્યું! ૩

---

(૧૦) ખ્રીસ્ત શા માટે આવ્યો?

રાગ ગરબી.

ખ્રીસ્ત પ્રભુ આવ્યો જગમાંહે, જગને તારણ દેવારે. ટેક.

દેવપણું ને ગૌરવ મૂક્યાં, આવ્યો જગમાં રેવારે, ખ્રીસ્ત. ૧
દેહ ધરી દીન માનવ કેરી, માનવના દુઃખ સેવારે, ખ્રીસ્ત. ૨
દીન ગભાણે પોઢયો તે તો, દીન અનુભવ લેવારે, ખ્રીસ્ત. ૩
શ્રમ કરી સૌ ઠામે ફરીઓ, પ્રભુની વાતો કેવારે, ખ્રીસ્ત. ૪
ભટકેલાને શોધ્યાં તેણે, વાડા માંહે લેવારે, ખ્રીસ્ત. ૫
દરદો ટાળ્યાં રોગી જનનાં, શુભ સુખ શાંતિ દેવારે, ખ્રીસ્ત. ૬
પોતે ઇશ્વર સુત પણ તેણે, કીધી જનની સેવારે, ખ્રીસ્ત. ૭
મોત સહ્યું દુઃખકારક તેણે, જીવન સૌને દેવારે, ખ્રીસ્ત. ૮
ઇસુ પાસે આવો સઘળા, મુક્તિનું સુખ લેવારે, ખ્રીસ્ત. ૯

---

(૧૧) ખ્રીસ્તનો સ્વીકાર કરવા ઉઠ.

રાગ પ્રભાત.

જાગ જાગ જાગ આજ, ઉઠ કર સેવા;
અવતર્યો ઇમાનુએલ, ચાલ માન દેવા.
જાગ જાગ. ટેક.

ખ્રીસ્ત ભૂપ, પ્રેમરૂપ, આપ ઉર રેવા;
થા તૈયાર, થા તૈયાર, ખ્રીસ્ત નાથ લેવા.
જાગ જાગ. ૧

તુજ પાપ, શ્રાપ, તાપ, આવીઓ એ સેવા;
આપ આપ આપ તું, પ્રભુને ઠામ રેવા.
જાગ જાગ. ૨

ખ્રીસ્ત નામ, શાંતિ ઠામ, એ પ્રમાણ દેવા;
જા તું ઠામ ઠામ આ,—સુખદ વાત કેવા.
જાગ જાગ. ૩

---

(૧૨) જયસ્તોત્ર.

જય જયકાર ઇસુનો બોલો, પાપી કાજે આવ્યો છે;
માનવ રૂપ લઇ આપણને, પ્રેમ અંત દરશાવ્યો છે.
જય જયકાર ઇસુનો બોલો, દાસપણું છોડાવ્યું છે;
રે રે આપણ માટે કેવું, દુઃખ અતિ ઉઠાવ્યું છે.
સુતો ગભાણમાં, ગણાયો બાળમાં;
ખમ્યો અસહ્ય દુઃખ, મનુષ્ય ત્રાણમાં.
ખમ્યો ધીક્કાર એ, મરાયો છેવટે;
વિજયી થઇ ઉઠયો, ત્રીજે દીવસે.
સુખ બહુ થયું, દુઃખ મર્ણનું ગયું;
આનંદ સહુ કરો, કરો જાણ, થયું ત્રાણ,
બોલો ઇસુનો જયકાર. જય જયકાર.

---

(૧૩) આ નાતાલ તમને સુખદાયક થાઓ.

(કેવો આનંદ મારો, કેવો આનંદ—એ રાગ).

સુખી નાતાલ થાઓ, સુખી નાતાલ થાઓ;
તમોને સુખી નાતાલ.
પ્રભુ ઇસુના જન્મનો આશીશ,
આપજો દેવ દયાળ. સુખી નાતાલ થાઓ. ટેક.

સ્વર્ગી આનંદ શાંતિ ભારે તમોને થજો;
સ્વર્ગ છોડી આવ્યો ખ્રીસ્ત તેને ભજજો. સુખી નાતાલ. ૧
નમ્ર બાળ જે સ્નેહાળ, અવતર્યો અહીં;
જે ગભાણે પોઢયો તેને રાખો ઉર મહીં. સુખી નાતાલ. ૨
છે ઇમાનુએલ—દેવ સાથ આપણી;
તે બધા પરે કરો કૃપા અતિ ઘણી. સુખી નાતાલ. ૩
સ્મરી તેનો જન્મ આજ રાજી થઇએ;
ભજો ઘુંટણે પડી ને ગીતો ગાઇએ. સુખી નાતાલ. ૪
અર્પો તન મન ધન આજ તેહને;
આપો માન ને વખાણ પ્રભુ ખ્રીસ્તને. સુખી નાતાલ. ૫
પીતા દેવ બાપની સ્તુતિ કરો તમે;
પુત્રને શુદ્ધાત્મા સાથ, ભજો આસમે. સુખી નાતાલ. ૬

અંગ્રેજી રાગ પ્રકરણ.

"See in yonder manger low." C. H. 528.

(૧૪) જય તું આનંદી નાતાલ.

જય તું આનંદી નાતાલ! જય પ્રભુના જન્મકાળ!
હરખજે યરૂશાલેમ! ખ્રીસ્ત જન્મ્યો બેથલેહેમ. ટેક.

સુંદર આ નહાનું બાળ,
સુતેલો ગભાણે ભાળ;
પુરાં હાલ કરાયાં છે,
વચનો અપાયાં જે. જય તું આનંદી. ૧

પ્રભુ સ્વર્ગનો જે રાય,
આવ્યો આ ભૂલોક માંય;
કેરૂબો મધ્યે રેનાર,
પોઢયો તે ગભાણે ધાર. જય તું આનંદી. ૨
હે પવિત્ર ઘેટાંપાળ,
ઘેટાંની ન લે સંભાળ;
મુકી તેને પહાડી વાટ,
શું કેવા ઇચ્છો છો વાત? જય તું આનંદી. ૩
"અમો હતા ઘેટાં પાસ,
થયું તેજસ્વી આકાશ;
'ભૂએ શાંતિ' ગાતાં ગાન,
દૂતે દીધી ત્રાતા જાણ. જય તું આનંદી. ૪
હે ઇસુ નિષ્પાપ બાળ,
તું તો કેવો છે પ્રેમાળ;
મૂકી સૌથી ઉંચું સુખ,
નીચે આવી ચાખ્યું દુઃખ. જય તું આનંદી. ૫
હે પવિત્ર નમ્ર બાળ,
પ્રેમી મુખે શિક્ષણ આલ;
થઇએ અમો તું સમાન,
નમ્ર અને પ્રીતિવાન. જય તું આનંદી. ૬

List our merry carol.

(૧૫) આનંદી ગીત.

સુણો ગીત સારૂં, ધન્ય દાડો આજ;
ઇસુ પ્રેમી ત્રાતા, જન્મ્યો પાપી કાજ.
પોઢયો ફુલ જેવો, શાંતિમાં આ બાળ;
ઇસુ પ્રેમી ત્રાતા, અવતર્યો નાતાલ.
ઇસુ પ્રેમી ત્રાતા, અવતર્યો નાતાલ. ૧
ગીત આ આનંદી, ચોપાસે આ કાળ!
ઇસુ પ્રેમી ત્રાતા, અવતર્યો નાતાલ. ટેક.

તારો જે પ્રકાશે, પૂર્વે દીશા માંય;
ગૌરવી આ ગીત, નીત્ય સંભળાય.
નમ્ર ઇચ્છા રાખી, અપ્રીતિને ટાળ;
દૂતો રહી પાસે, ગાશે ગીત હાલ.
દૂતો રહી પાસે, ગાશે ગીત હાલ. ૨
આનંદી આ વાર્તા, જગે જા પ્રસાર;
ગા ત્રાતાની સ્તુતિ, ને દે સમાચાર.
ડુંગરો ને ખીણો, રૂડું ગીત ગાય;
રૂડા ને મધુરા, સ્વરો સંભળાય.
રૂડા ને મધુરા, સ્વરો સંભળાય. ૩

"Come, ye rural shepherds fair."

(૧૬) ઘેટાંપાળકોને સંદેશો.

આવો રૂડા ઘેટાંપાળ,
મૂકો ઘેટાંની સંભાળ;
ભજો આનંદે આવાર,
આજે જન્મ્યો તારનાર.
મેરી નામે નમ્ર નાર,
તેને થયો આ કુમાર;
ગાઓ આનંદે સૌ ગાન,
સ્વર્ગી રાજાને દો માન. ૧
વૃદ્ધો ને જુવાનો ગાઓ,
શેતાનથી છૂટા થાઓ;
આવો તેના ગાઓ ગાન,
સ્તવો ત્રાતા આ મહાન.
દોડો આનંદી આ ઠામ,
ઇસુને કરો પ્રણામ;
મૃત્યુથી બચાવા પ્રાણ,
આવ્યો ઇસુ દેવા ત્રાણ. ૨

"'Christians awake, salute the happy morn."

(૧૭) ખ્રીસ્તી ઉઠો.

ખ્રીસ્તી ઉઠો, આનંદી દહાડો આજ,
તારનાર ઇસુ જન્મ્યો સહુને કાજ;
ઉઠો ભજો, પ્રભુની કેવી પ્રીત!
આકાશી દૂતો તેનું ગાએ ગીત.
કુંવારી પેટે લીધો અવતાર,
ખુશાલી કેરા મળે સમાચાર. ૧

સીમે હતા ઘેટાંપાળકો જ્યાં,
દૂતોએ આવીને જણાવ્યું ત્યાં;
લાવ્યા અમો વધામણીની વાત,
જન્મ્યો છે ત્રાતા સહુ જનો માટ.
પુરૂં થયું છે પ્રભુનું વચન,
જન્મ્યો છે આજે દેવ કેરો તન. ૨

દોડ્યા તેઓ આનંદે ગામ માંય,
પ્રભુનું કામ સહુ જોવા જાય;
સ્તુતિ કરી આવ્યા ટોળાની પાસ,
મનોમાં ભારે ઉપજ્યો ઉલ્લાસ.
ત્રાતા ઇસુના બોધકો થઇ,
આનંદી વાર્તા સહુને કહી. ૩

રાખીને મને વિચારો આ વાત,
ઇશ્વરી પ્રીતિ તારે માનવ જાત;
દીન થયો ને થંભે થયો કાળ,
સૌ અનુસરો આ પ્રેમી બાળ.
કૃપા માગીને ચાલીએ તે સાથ,
ખોએલું સુખ આવે ફરી હાથ. ૪

આશા ધરો, મળવા દૂતો સાથ,
ને પરમાનંદી સંતો સંઘાત;
ત્રાતા પ્રભુ જે અવતર્યા છે ખાસ,
ગૌરવે રેશે આપણી ચોપાસ.
બધા બચેલા ગાશે જય ગાન,
આકાશી રાજાને સૌ દેશે માન. ૫

"Waken, Christian children." C. H. 532.

(૧૮) ઉઠો ખ્રીસ્તી બાળો.

ઉઠો ખ્રીસ્તી બાળો, ચાલો ગાઇએ ગાન;
જન્મેલા રાજાને, હર્ષે દૈએ માન. ૧

ઉઠો લો વધાવી, ગીતો ગાતાં આજ;
ગૌરવનો રાજા, જન્મ્યો સૌને કાજ. ૨

આવો, રે! ના બીહો, જો કે છીએ બાળ;
"આવો મારી પાસે" બોલ્યો તે નિહાળ. ૩

ગભાણે તે પોઢયો, નાનો બાળ થઇ;
મેરી નમ્ર માતા, પ્રીતે નમી તહીં. ૪

તબેલાની ઉપર, આકાશની માંય;
તારો ત્યાં પ્રકાશે, શાંતિ ફેલી ત્યાંય. ૫

બીશો ના જવાને, જો ન લાવ્યા કાંય;
સોનું બોળ ધુપ, આપવાને રાય. ૬

દાનો તે માગે છે, અમૂલ્ય કેવાય;
જો બાળો ચાહે તો, મૂકે તેને પાય. ૭

રત્નોથી તેજસ્વી, નમ્રતા ખચીત;
શુદ્ધતા બાળોની, લાગે પ્રકાશીત. ૮

ઉઠો લો વધાવી, ગાતાં ગીત આજ;
ગૌરવનો રાજા, જન્મ્યો સૌને કાજ. ૯

"The first Noel." Christmas carols.

(૧૯) પહેલી નાતાલ.

નોએલ, નોએલ, નોએલ, નોએલ,
દેહધારી થયો ઇમાનૂએલ. ટેક.

શિઆળાની હતી થંડી રાત,
બેઠા મેષપાળો ઘેટાંની સાથ;
દૂતે જણાવી નોએલ જ્યારે,
તેઓ ખેતરમાં સૌ હતા ત્યારે. ૧

આકાશે જોયો તારો ત્યાં એક,
જે દૂર હતો પૂર્વ દીશામાં છેક;
ભૂએ ભારી સુપ્રકાશ થયો,
આખો દાડો તે તો જારી રહ્યો. ૨

આ મોટું તેજ નિહાળી કરી,
ગયા માગીઓ ત્યાં ખુશી ધરી;
ધરી આશા આનંદી મને,
ગયા સ્વર્ગી ભૂપને દર્શને. ૩

આ તારો અગ્રે ચાલતો એમ,
તે જઇને થંભીઓ બેથલેહેમ;
પોઢયો હતો પ્રભુ પૂત્ર જ્યાં,
તારો આવીને સ્થીર રહ્યો ત્યાં. ૪

પોંચ્યા તેઓ પ્રભુ જન્મ્યો જ્યાં,
પડી ઘુંટણે ને તે નમ્યા ત્યાં;
મુક્યાં સારાં પ્રભુ પાયે દાન,
શુદ્ધ સોનું બોળ ને લોબાન. ૫

ઉમંગે ગાઓ, સઘળા ગાન,
માનો સ્વર્ગી ભૂપને મહિમાવાન;
સૃષ્ટિના સ્વામીએ દેહ ધર્યો,
ને પોતાને રક્તે ઉદ્ધાર કર્યો. ૬

"Of the Father's love begotten." C. H. 32.

(૨૦) ભજો તેને સર્વકાળ.

સૃષ્ટિની ઉત્પત્તિ પેલાં, પીતાનો અનાદી બાળ;
તે છે આલ્ફા ને ઓમેગા, આદી ને છેલ્લો નિહાળ.
જે જે છે ને જે બનેલાં, તેની પૂર્વે એ સૌ કાળ;
ભજો તેને સર્વકાળ. ૧

જન્મ કેવો ધન્ય ભારી, કન્યા કૃપાથી ભરાય;
શુદ્ધાત્માથી જન્મ ધારી, જણ્યો જગત્રાતા રાય.
ત્રાતાએ આ કાયા ધારી, આવ્યો એ ભૂલોક માંય.
ભજો તેને સર્વકાળ. ૨

જેના વિષે સંતો બોલ્યા, તે તો આ પ્રભુનો તન;
ને પેગંબરોએ આપ્યાં, એના વિષે સુવચન.
આખરે પ્રકાશ્યો તે તો, કરો સ્વામીના સ્તવન.
ભજો તેને સર્વકાળ. ૩

હે આકાશો સ્તવો તેને, દૂતો, ગાઓ તેનાં ગાન;
નમો, અધિકારો એને, રાજાને આપો વખાણ.
શ્વાસવંતા સઘા પ્રાણી, માને એને સ્તુતિમાન.
ભજો તેને સર્વકાળ. ૪

હે ઠરાવેલા મસીહા, પીતા ને શુદ્ધાત્મા સાથ;
થાક્યા વિના ગીતો ગાશું, અમો આજે સૌ સંઘાત.
મહિમા, માન સ્તુતિ જય, હે ઇસુ અમારા નાથ.
થાઓ તને સર્વકાળ. ૫

---

(૨૧) હાલેલૂયાહ.

(આજે ઇસુ ખ્રીસ્ત ઉઠયો—એ રાગ.)

ઉઠો આજે ગાઓ ગાન, હાલેલૂયાહ,
હર્ષે દો ત્રાતાને માન, હાલેલૂયાહ;
ગીતો એ વધાવો આજ, હાલેલૂયાહ,
ઇસુ જન્મ્યો છે સૌ કાજ, હાલેલૂયાહ. ૧

જુઓ સ્વર્ગી દૂતો ગાય, હાલેલૂયાહ,
ભૂલોકે તેઓ તો ધાય, હાલેલૂયાહ;
દે છે રૂડા સમાચાર, હાલેલૂયાહ,
આજે જન્મ્યો છે તારનાર, હાલેલૂયાહ. ૨

હે પૃથ્વી તું ખુશી થા, હાલેલૂયાહ,
આનંદે તું ગીતો ગા, હાલેલૂયાહ;
સ્વર્ગી રાજાને સ્વીકાર, હાલેલૂયાહ,
તે આપે સોને ઉદ્ધાર, હાલેલૂયાહ. ૩

વૃદ્ધો ને જુવાનો ગાઓ, હાલેલૂયાહ,
નાના બાળો ખુશી થાઓ, હાલેલૂયાહ;
ભૂપો નમો તેને પાય, હાલેલૂયાહ,
એ છે મોટો સ્વર્ગી રાય, હાલેલૂયાહ. ૪

---

(૨૨) નાતાલનું સ્મરણ.

આજે સૌ આનંદે સ્મરો, ત્રાતા કેરો જન્મકાળ;
ઉમંગે બોલો આ કાળે, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૧

મોટો રાજા સૌનો સ્વામી, તે તો થયો નાનો બાળ;
ઉમંગે બોલો આ કાળે, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૨

જેને સંધા દૂતો સ્તવે, તે આવ્યો ઠરેલે કાળ;
ઉમંગે બોલો આ કાળે, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૩

જે પીતાનો પુત્ર વાહલો, રે તો ગોદે સદાકાળ;
તે આવી ગભાણે પોઢયો, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૪

હે પવિત્ર, ત્રાતા, સ્વામી, તું અતિ દીસે પ્રેમાળ;
પ્રીતિ તારી સ્મરી કહીએ, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૫

તેં મટાડ્યા દુઃખો પાપો, હે જન્મેલા નાના બાળ;
હરાવ્યો તેં વેરી મોટો, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૬

તેં અમોને રાજી કીધા, દીધી શાંતિ હે નાતાલ;
રાજી થૈ ઉમંગે કહીએ, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૭

પીતા પુત્ર શુદ્ધાત્માને, સ્તુતિ હોજો સર્વકાળ;
ગીતો ગાતાં આજે કહીએ, જૈ જૈ જૈ જૈ હો નાતાલ. ૮

---

(૨૩) ઈસુ પાપીને માટે જન્મ્યો.

(ત્રાતા દે છે શાંતિ દાન—એ રાગ.)

ઇસુ જન્મ્યો પાપી કાજ, છોડી સ્વર્ગી રાજ તાજ;
જણાવો એ સૌને આજ, ઇસુ જન્મ્યો પાપી કાજ. ૧

ઇસુ જન્મ્યો પાપી કાજ, ઇસુ જન્મ્યો, પાપી કાજ;
તાણીને કાઢો અવાજ, ઇસુ જન્મ્યો પાપી કાજ. ૨

સુણો દૂતો ગાએ આજ, આવ્યો ત્રાતા તમો કાજ;
જણાવો એ સૌને આજ, ઇસુ જન્મ્યો પાપી કાજ. ૩

ઇસુ આવ્યો પાપી કાજ, આવો પાપીઓ સૌ આજ;
આવ્યો મુક્તિ દેવા કાજ, ઇસુ જન્મ્યો પાપી કાજ. ૪

"'Angels, from the realms of glory." Church Praise 29.

(Tune—Regent Square)

(૨૪)

દૂતો, ગૌરવી રાજ્યથી,
દોડો બધે પૃથ્વી માંય;
ગાઇ તમે ઉત્પત્તિ, તેમ,
જણાવો જન્મેલો રાય.
આવો ભજો, આવો ભજો,
ભજો, ખ્રીસ્ત જન્મેલો રાય. ૧

ઘેટાંપાળો, ખેતરોમાં,
બેઠા બધા ઘેટાં પાસ;
પ્રભુ વચ્ચે જનો સાથે,
જુવો પ્રકાશે પ્રકાશ.
આવો ભજો, આવો ભજો,
ભજો, ખ્રીસ્ત જન્મેલો રાય. ૨

જ્ઞાની, ચીંતનો તજી દો,
જુઓ ભારે આ પ્રકાશ;
તારો જોયો જન્મ કેરો,
શોધો ખ્રીસ્ત,—દેશોની આશ.
આવો ભજો, આવો ભજો,
ભજો, ખ્રીસ્ત જન્મેલો રાય. ૩

સંતો, વેદી પાસે નમી,
આશાથી જુવો છો વાટ;
ઓચીંતો પ્રભુ દેખાશે,
મંદિરે પોતે સાક્ષાત.
આવો ભજો, આવો ભજો,
ભજો, ખ્રીસ્ત જન્મેલો રાય. ૪

"O little town of Bethlehem" C. H. 33.

(૨૫)

ઓ નાના નગર બેથલેહેમ,
શાંતિએ સુતું શું!
આકાશે તારા ઉગ્યા છે,
જ્યારે નિદ્રામાં તું.
સદાના તેજે, તારા—
માર્ગો પ્રકાશે છે,
આજે ધાસ્તી સૌ ટળી છે,
ને આશા ફળે છે. ૧

મેરીથી ખ્રીસ્ત જન્મ્યો છે,
જ્યારે તું નિદ્રામાંય;
આકાશે પ્રીતે જાગે છે,
દૂતોનો સમુદાય.
ઓ તારાઓ જણાવો,
પ્રભુનો જન્મ આજ;
ગાઓ પ્રભુ રાજાનાં ગીત,
પૃથ્વીની શાંતિ કાજ. ૨

વિના અવાજે મળ્યું છે,
પ્રભુનું કેવું દાન!
મનુષ્યનાં ઉરોને તેમ,
પ્રભુ બક્ષે સૌ દાન.
કાને ન પડ્યો ધ્વની,
આવ્યો પ્રભુ જે વેળ;
નમ્ર આત્મામાં પ્રિય ખ્રીસ્ત,
રે'શે આવી એ પેર. ૩

ઓ બેથલેહેમના નાના બાળ,
આવી અમારી પાસ;
કાઢી પાપોને માંહે રે,
અમોમાં જન્મી ખાસ.
સુણ્યા છે અમે સમાચાર,
દૂતોએ જે કહેલ;
અમારી પાસે, સાથે રે,
પ્રભુ ઇમાનુએલ. ૪

"Who came down from heaven to earth."
Sankey, 525.

(૨૬) ઈસુ મારો ત્રાતા.

સ્વર્ગમાંથી આવ્યો કોણ?
ઇસુ મારો ત્રાતા.
નમ્ર બાળ થયો કોણ?
ઇસુ મારો ત્રાતા. ૧

કાઢી ઘાંટો ગાઉં ગીત,
મુક્તિદાતા છે ખચીત;
સૌથી ઝાઝી રાખું પ્રીત,
ઇસુ મારો ત્રાતા. ટેક.

સ્તંભે આ ટંગાયો કોણ?
ઇસુ મારો ત્રાતા.
બધા માટે મુઓ કોણ?
ઇસુ મારો ત્રાતા. ૨

દે છે માફીતણું વેણ,
ઇસુ મારો ત્રાતા;
જીવન આપે સુખદેણ,
ઇસુ મારો ત્રાતા. ૩

રાજ્યાસને બેઠો હાલ,
ઇસુ મારો ત્રાતા;
પાળું આજ્ઞા રાખી વ્હાલ,
ઇસુ મારો ત્રાતા. ૪

પાછો અહીં આવશે,
ઇસુ મારો ત્રાતા;
દાસો સ્વર્ગ લઇ જશે,
ઇસુ મારો ત્રાતા. ૫

પરિશિષ્ટ.

"Good Christian men, rejoice."

(૨૭) આનંદની સુવાર્તા.

અહો વિશ્વાસીઓ,
તમ હર્ષ સહુ કરો;
સારી વાત સાંભળો.
જય! જય!
ઇસુ ખ્રીસ્ત અવતર્યો,
માણસોના ત્રાણમાં,
સુતેલો છે ગભાણમાં.
ખ્રીસ્ત અવતર્યો,
ખ્રીસ્ત અવતર્યો. ૧

અહો વિશ્વાસીઓ,
તમ હર્ષ સહુ કરો;
સુખ અનંત મેળવો.
જય! જય!
માટે ખ્રીસ્ત અવતર્યો,
સર્વને બચાવી લે,
ને સ્વર્ગમાં બોલાવી લે,
માટે અવતર્યો,
માટે અવતર્યો. ૨

અહો વિશ્વાસીઓ,
તમ હર્ષ સહુ કરો;
બીક મોતની ટળી,
જય! જય!
શાંતિ પૃથ્વીએ મળી.
ઇસુ પાપ ભાર સહે,
ઉઘાડે સ્વર્ગ દ્વાર તે;
ત્રાતા અવતર્યો,
ત્રાતા અવતર્યો. ૩

જે. એસ. એસ.

"Oh, come all ye faithful."

(૨૮) ચાલો આપણે બેથલેહેમ જઇએ.

આવો વિશ્વાસીઓ,
જયાનંદ કરીને;
આવો, રે, આવો બેથલેહેમ.
જુઓ જન્મેલા,
રાજાને દૂતોના;
રે, આવો તેને ભજીએ, પ્રભુને. ૧

દેવથી દેવ,
જોતથી જોત;
કુંવારી ઉદરે તે અવતર્યો.
દેવથી જન્મેલો,
પેદા નહિ કરેલો;
રે, આવો તેને ભજીએ, પ્રભુને. ૨

જયજયકાર ગાઓ,
સમુદાય દૂતોના;
ગાઓ આકાશે રેવાસીઓ!
પરમ ઉંચામાં,
પ્રભુને મહિમા,
રે, આવો તેને ભજીએ, પ્રભુને. ૩

હે પ્રભુ ઇસુ,
આજે જન્મેલા,
સર્વકાળ સુધી તને મહિમા થાઓ!
શબ્દ પીતાનો,
સદેહ થએલો;
રે, આવો તેને ભજીએ, પ્રભુને. ૪

જે. એસ. એસ.

(૨૯) "Hark! the herald angels sing."

સુણો દૂતો ગાય છે,
ધન્ય બાળક રાયને;
ભુલોક શાંતતા દયા—
માનવ દેવ સનિદ્ધ થયા!

હે સહુ પ્રજા ઉમંગે,
ગાઓ સ્વર્ગી સૈન સંગે!
દૂતો સાથે જણાવો,
"બેથલેહેમ ખ્રીસ્ત અવતર્યા." ૧

સુણો દૂતો ગાય છે,
"ધન્ય બાળક રાયને." ટેક.

સ્વર્ગે જે પુજાય છે,
સદાનો તે રાય છે;
આવ્યો તે ઠરેલે કાળ,
થયો કુંવારીનો બાળ!

શબ્દ થયો છે સદેહ,
સદવતારને બોલો જેહ!
માનવમાં માનવ થએલ,
ઇસુ, તેજ ઇમાનુએલ.
સુણો દૂતો. ૨

શાંતિના સરદારને જેહ!
જયકાર આત્મિક રવિને!
સર્વને તે દે છે નૂર,
જીવને તે છે ભરપૂર.

સ્વર્ગી મહિમા તજી તે,
મોત હરાવવા જન્મે છે,
માનવ પુનર્જન્મિત થાય.
માટે અવતાર લે છે રાય.
સુણો દૂતો. ૩

જે. એફ. એસ.

"Jesus my Saviour to Bethlehem came." S. & S. 481.

(૩૦) ઈસુ મારે માટે.

ઇસુ જે બાળનો તારણહાર,
જન્મ્યો ગભાણે નાતાલની વાર;
રે તેની પ્રીતિ અનંત અપાર,
અવતર્યો મારે કાજ. ૧

ઇસુ જે બાળનો તારણહાર,
તે વધસ્તંભે થયો મરનાર;
રે તેની પ્રીતિ અનંત અપાર,
મુઓ તે મારે કાજ. ૨

ઇસુ જે બાળનો તારણહાર,
ઉઠીને નિકળ્યો કબર બાર;
રે તેની પ્રીતિ અનંત અપાર,
ઉઠયો છે મારે કાજ. ૩

ઇસુ જે બાળનો તારણહાર,
સ્વર્ગે ચઢી કરે નિત્ય ઉદ્ધાર;
રે તેની પ્રીતિ અનંત અપાર,
જીવે છે મારે કાજ. ૪

ઇસુ જે બાળનો તારણહાર,
સ્વર્ગથી પાછો છે ઉતરનાર;
રે તેની પ્રીતિ અનંત અપાર,
આવશે મારે કાજે. ૫

જે. એસ. એસ.

"As with gladness men of old" C. H. 35.

(૩૧) માગીઓ.

માગી લોકો ઉમંગે, દોરનાર તારા પ્રસંગે,
જોઇ પ્રભા તે તણી, ચાલ્યા બેથલેહેમ ભણી.
તેમજ અમે કરીએ, પ્રભુ તુજ ગમ ફરીએ. ૧

તેઓ દોડ્યા ઉલ્લાસે, ત્રાતા, તુજ ગભાણુ પાસે;
નમી ભજવા તારે પાય, સ્વર્ગ ભૂતળના જે રાય.
તેમ દયાસન પાસે નીત, હર્ષે આવવા રાખીએ રીત. ૨

તુજ ગભાણે ઉત્તમ દાન, તેઓ લાવ્યા મુલ્યવાન;
તેવો ઉદાર ભાર ધરી, સર્વે ભિક્તત શુદ્ધ કરી,
સદા હર્ષે, હે ધણી, અર્પણ લાવીએ તુજ ભણી. ૩

હે ઇસુ પવિત્ર રાય, રાખી સાંકડા રસ્તામાંય;
લૌકિક વાનાં જતાં રહે. ત્યારે અમને સ્વર્ગે લે.
તારાથી જરૂર નહિ જ્યાં, તારો વૈભવ જોઇએ ત્યાં. ૪

તેજસ્વી આકાશી દેશ જ્યાં અજવાળું છે હમેશ;
જ્યાંનું તેજ, હર્ષ, તાજ વિના અસ્ત રવિરાજ;
ભૂપને સ્તવી જ્યાં સદા, ગાઇએ હાલીલૂયાહ. ૫

જે. એફ. એસ.